

ગાંધીનગર મહાનગર પાલિકાના નવ નિયુક્ત ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ અને ગુડાના ચેરમેન આશિષભાઈ દવેની ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના સભ્યો દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. બંને પદાધિકારીઓ નગરજનોના પ્રશ્નોનું નિરાકરણ લાવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. લવજીભાઈ વાડિયા, રાજેન્દ્ર પારેખ, દશરથ પરમાર જોડાયા હતા. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

# અફવા બજારને શાંત પાડવા પોલીસના ઠેર ઠેર લોકદરબાર

## ડભોડા તથા દહેગામ ખાતે વિશાળ જન મેદનીની હાજરીમાં યોજાયેલ લોકદરબાર


ચિલોડા, તા. ૩

ગાંધીનગર જિલ્લાના પૂર્વકાંઠા વિસ્તારમાંઅફવાથી ફેલાયેલી અંધાધુંધી થકી લોકો દહેશતના માર્યા રાત્રી જાગરણ કરવા મજબુર બન્યા છે. જે બાબતને ગંભીરતાથી લઈને પોલીસે પણ આ અફવા નામનું દૂષણ દૂર કરવા લોક દરબાર યોજી ઉચ્ચ અધિકારીઓ હાજર રહી ઉદાહરણ સાથે વિસ્તૃત સમજણ આપી રહ્યા છે. જેમાં શુક્રવારના રોજ ડભોડા તથા દહેગામ ખાતે પોલીસે લોક દરબારનું આયોજન કર્યુ હતુ.

ડભોડા પોલીસ સ્ટેશન તથા દહેગામ પોલીસ સ્ટેશને જિલ્લાના પૂર્વકાંઠા વિસ્તારના ગામોના આગેવાનો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહી લોક દરબારના મુળભૂત ઉદ્દેશને સાકાર કરવા પૂર્ણ રીતે સહીયારો પ્રયાસ કરવા કટિબદ્ધ બન્યા હતા. ગાંધીનગર રેન્જ આઈજી હસમુખ પટેલ, એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવ અને એ.એસ.પી. કરણરાજ વાઘેલા આ લોક દરબારમાં ખાસ ઉપસ્થિત રહી હાલમાં ચાલી રહેલી ચોર, લુંટારા અને હુમલાખોર વિષેની દહેશતને માત્ર ને માત્ર અફવા હોવા ઉપર ભાર મુક્યો હતો. અને આવી અફવાઓ અને ડરના માહોલને દૂર કરવા જાગૃતિ કેળવવી અનિવાર્ય હોવાનું આ અધિકારીઓએ જણાવી ગામે ગામ કમીટીઓ બનાવવા અપીલ કરી હતી. આવી અફવાઓ અસામાજીક તત્વો તથા ટીખણીકર લોકો જ ફેલાવતા હોવાથી આવા તત્વોને ખુલ્લા પાડી ભયના અને અફવાના માહોલને દૂર કરવા પોલીસ હર હંમેશ પ્રજાજનોની સાથે હોવાનો લોકોને અહેસાસ કરાવ્યો હતો. અને અફવા ફેલાવનાર વિરૂદ્ધ ગુનો દાખલ કરવાની પણ કવાયત હાથ ધરી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

લોક દરબારમાં ગામોના અગ્રણીઓએ પ્રશ્નો, રજુઆતો અને ફરીયાદો રજુ કરી વર્તમાન પરિસ્થિતિ અંગેના અભિપ્રાયો રજુ કર્યા હતા. રેન્જ આઈ.જી. હસમુખ પટેલે હાજર વિશાળ જનમેદની સમક્ષ ચોર-લુંટારા અંગેની અફવા બાબતે વિસ્તૃત સમજણ અને ઉદાહરણ આપ્યા હતા. અને દહેશતરૂપી અફવાને પ્રાધાન્ય ન આપવા અપીલ કરી હતી અને આવેશમાં આવી જઈ કાયદો હાથમાં ન લેવા સુચન કર્યુ હતુ.





(તસવીર : નટુભાઈ પટેલ)

# મેઘરાજાની ગેરહાજરીમાં સુર્યદેવનો પ્રકોપ : શહેરીજનો આકરા બફારામાં અકળાયા

ગાંધીનગર, તા.૩

નગરમાં મેઘરાજાની ધમાકેદાર રજૂઆત બાદ લીધેલા વિરામ વચ્ચે ગરમીનું પ્રમાણ સતત વધવા રહેવા પામ્યું છે. આભમાંથી વરસતી ગરમી અને પડેલા વરસાદથી ઉદભવેલો ભેજ બફારામાં પરિવર્તિત થઈ જતાં નગરજનો હાલના વાતાવરણથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો સતત વધતો રહ્યો છે.

વરસાદી મોસમની શરૂઆત થઈ ચુકી છે પરંતુ નગરમાં એક જ વખત વરસેલા વરસાદ પછી ગરમીનું સામ્રાજય યથાવત રહેવા પામ્યું છે. જેમાં દિન પ્રતિદિન ગરમીનું તાપમાન સતત સામાન્ય પ્રમાણમાં વધ્યુ છે જે અંતર્ગત શુક્રવારના રોજ નગરમાં તાપમાન મહત્તમ ૩૭.૫ ડિ.સે. તથા લઘુત્તમ ૨૮.૪ ડિસે. રહ્યું હતું જયારે વાતાવરણમાં સવારે ૭૫ ટકા તથા સાંજે ૪૪ ટકા ભેજ રહ્યો હતો. અતિશય ઉકળાટ વચ્ચે નગરજનો હજુ પણ એસી, પંખા, કુલર જેવા ઠંડક આપતા ઉપકરણોના સહારે જ રહ્યા છે. આકરા ઉનાળાની અસરો હજુ પણ શમી નથી ત્યારે વરસાદની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. ધગધગ થતી ધરતીને પ્રથમ વરસાદે પાણી પુરું પાડી મહદ અંશે ટાઢી પાડી છે પરંતુ પેટાળમાંથી નીકળતી વરાળોએ બફારો ઉત્પન્ન કર્યો છે અને નગરજનો ઉકળાટ અને બફારાથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે. અને મેઘરાજા પોતાનો અસલી મિજાજ બતાવે તે ઈચ્છી રહ્યા છે. જેથી અસહ્ય ગરમીમાંથી છુટકારો મળી શકે.

દિવસ દરમિયાનની ગરમીથી કંટાળેલા લોકો રાત્રી દરમિયાન ઘરની બહાર ખુશનુમા વાતાવરણની મજા લેવા બહાર તો નીકળે છે પરંતુ પવને પણ જાણે કે મોં ફેરવી લીધું હોય તેમ વાતાવરણમાં હાજરી ન પુરાવતાં બફારો અને ઉકળાટ અકળાવી દે છે. વધુમાં ખુલ્લા વાતાવરણમાં બહાર સુવા માટેના તેમના પ્રયાસો સામાન્ય વરસાદે ઉત્પન્ન થયેલી જીવાત સુવા પણ દેતી ન હોવાથી નગરજનો હાલના ડહોળાયેલા વાતાવરણથી વાંઝ આવી જઈ વરસાદની રાહ જોઈ રહ્યા છે.

## પાણીની મોટર ચાલુ કરવા જતી મહિલાનું વિજ કરંટથી મૃત્યુ

### સેક્ટર-૨૪ ઈન્દીરાનગરમાં બપોરના સુમારે બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાં રહેતી ૪૫ વર્ષિય મહિલા આજે બપોરના અરસામાં પોતાના ઘરે પાણીની મોટર ચાલુ કરવા સ્વીચ પાડવા ગઈ તે દરમ્યાન અચાનક વિજ કરંટ લાગતા મહિલાનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. સે. ૨૧ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાં રહેતી ૪૫ વર્ષિય મહિલા જીન્નતબેન શાહજહાં પઠાણ આજે બપોરના અરસામાં પોતાના ઘરે હતી ત્યારે પાણીની મોટર ચાલુ કરવા જતાં તેણીને વિજકરંટ લાગી ગયો હતો. ગંભીર હાલતમાં તેણીને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. જો કે સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ગણતરીની મીનીટોમાં તેણીનું પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતુ. સેક્ટર-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પોસ્ટમોર્ટમ કરાવીને પીએસઆઈ આઈ.ડી. રાઠોડે વધુ તપાસ શરૂ કરી છે.

# સે-૫માં મંદિરથી ઘરે જતી મહિલાનો દોરો ખેંચાયો

## બ્લ્યુ પલ્સર લઈને આવેલા બે ચેઈન સ્નેચર્સે દોરો ખેંચતા પડી જવાથી મહિલા ઘાયલ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૫-બી ખાતે સ્થિત શિવશકિત મંદિરે દર્શન કરીને ૪૮ વર્ષીય મહિલા પોતાના ઘરે જવા નીકળી હતી ત્યારે બ્લ્યુ રંગના પલ્સર બાઈક પર આવેલા બે અજાણ્યા ચેઈન સ્નેચર્સ મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચીને ફરાર થઈ ગયા હતાં. ચેઈન સ્નેચીંગ દરમિયાન પડી જવાથી મહિલા ઘાયલ થતા સારવાર અર્થે લઈ જવામાં આવી હતી તો બીજી તરફ ચેઈન સ્નેચર્સ પળવારમાં રફફુચક્કર થઈ ગયા હતાં.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૫-બી ખાતે રહેતા આશરે ૪૮ વર્ષીય મહિલા આજે સવારના અરસામાં શિવશકિત મંદિરે સે-૫-બી ખાતે દર્શન કરવા ગઈ હતી. દર્શન કરીને મહિલા ઘરે પરત જઈ રહી હતી ત્યારે ચેઈન સ્નેચર્સે ધોળે દિવસે તેણીને ટાર્ગેટ બનાવી હતી. બ્લ્યુ બાઈક લઈને ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચર્સે મહિલાના ગળામાં હાથ મારીને સોનાનો કિંમતી દોરો ખેંચી લીધો હતો. જેને પગલે મહિલા પડી જતાં હાથનાં ભાગે ઈજાઓ થતાં હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ અને એલસીબી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સારવાર કરાવવા ગયેલી મહિલા મોડી સાંજ સુધી પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા પહોંચ્યા ન હતાં... તો બીજી તરફ પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે.

# કાશ... મુખ્યમંત્રી દરરોજ નીકળતા હોય તો કેટલું સારૂ !!

## મુખ્યમંત્રી નીકળવાના હોવાથી રસ્તો ટ્રાફિક મુક્ત : અહિંથી પસાર થતા લોકોએ ટ્રાફિકમુક્ત રસ્તો જોઈને ખુશી વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૩

ઘ-૫ થી ૧૭/૨૨ બસસ્ટેન્ડ પાસે દરરોજ ટ્રાફિકના કારણે રોડ ઉપર વાહનોની કતારો જોવા મળતી હોય છે. પરંતુ આજે મુખ્યમંત્રી આ રસ્તા ઉપરથી નીકળવાના હોવાથી રસ્તો એકદમ ટ્રાફિકમુક્ત દેખાતો હતો. અહિંથી પસાર થતા લોકો આ દશ્ય જોઈને ખુશી વ્યક્ત કરતા હતા. દરરોજ મુખ્યમંત્રી આ રોડ ઉપરથી નીકળે તેવી મનોમન ઈચ્છા વ્યક્ત કરતા હતા.

ગાંધીનગરમાં ટ્રાફિકનો પ્રશ્ન પેચીદો બની ગયો છે. ઠેર ઠેર કોમર્શિયલ સેન્ટરો આગળ, ટ્યુશન કલાસીસો આગળ આડેધડ પાર્ક કરાયેલા વાહનો નજરે પડતા હોય છે. જેના કારણે સામાન્ય નાગરિકોને ખુબજ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે.

આજે સવારના સમયે ૧૭/૨૨ બસ સ્ટેન્ડથી ઘ-૫ સુધીના રસ્તા ઉપર મુખ્યમંત્રી આનંદીબેન પટેલ નીકળવાના હોવાથી રસ્તો એકદમ ટ્રાફિક મુક્ત કરી દેવામાં આવ્યો હતો.

બેરીકેટ્સ મુકી એક હોમગાર્ડ જવાનને ટ્રાફિક નિયંત્રણ માટે મુકવામાં આવ્યા હતા. ટ્રાફિક પોલીસ ઈચ્છી રહ્યા છે.



શહેરના અનેક સ્થળો એવા છે દરરોજ આ જગ્યાએ અનેક વાહનોનો આડેધડ ખડકલો જામેલો હોય છે. ત્યારે આજે ટ્રાફિક મુક્ત ચિત્ર જોઈને વટેમાર્ગુઓ ખુશી વ્યક્ત કરતા હતા.

પણ જે ટ્રાફિક મુક્ત ન કરી શકી તે ફકત મુખ્યમંત્રી નીકળવાના કારણોશર ટ્રાફિક મુક્ત થઈ ગયો. ત્યારે મુખ્યમંત્રી શહેરના અનેક ટ્રાફિકવાળા વિસ્તારમાં અઠવાડિયામાં એક રાઉન્ડ ફિક્સ કરે તેવું નગરજનો કે જ્યા દિવસ દરમિયાન પગ મુકવાની પણ જગ્યા મળતી નથી. ટ્રાફિક પોલીસ ટ્રાફિક દૂર કરવાની ફરજ બજાવે છે. પરંતુ શેઠની શિખામણ ઝાંપા સુધી જેવી પરિસ્થિતિ નિર્માણ પામે છે.



## વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટની બેઠક મળી

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ ગાંધીનગરની છઠ્ઠી વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી. સભામાં નારણભાઈ પટેલ, ડાહ્યાભાઈ સોની, કુંવરજીભાઈ પટેલ, ઈનાયતઅલી સૈયદ સહિતના સભ્યોએ વર્ષ દરમિયાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ સેવાની ચર્ચા કરી અહેવાલ રજૂ કર્યા હતા. ટ્રસ્ટ દ્વારા શ્રમજીવી વિસ્તારની આંગણવાડીઓના ૮૦ કુપોષિત બાળકો, અતિવંચીત ૧૬ પરિવારોને દૂધ, કરિયાણુ, ગરમ કપડા, સહિતની ચીજવસ્તુઓનું દાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થામાં દાન આપનાર દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં શાળા પંચાયતમાં હોદ્દેદારો ચૂંટાયા

ગાંધીનગર, તા.૩

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે શાળાના આચાર્યા શ્રી સંતોકબેન ચૌધરી તથા સુપરવાઈઝરશ્રીઓની દોરવણી હેઠળ વ્યાયામ સમિતિ દ્વારા શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. ધો-૯ થી ૧૨ના વર્ગ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. પ્રમુખશ્રી ઉર્મિલાબેન ડી. ચૌધરી-ધો-૧૧-એ, ઉપપ્રમુખ નીવાબા આર. ચાવડા ધો-૧૧બી, શિસ્ત મંત્રી માયાબેન એન.ચૌધરી-ધો-૧૧-એ, ચૌધરી ઉર્મિ આર. ધો-૯-સી, રમતગમત મંત્રી લલિતાબેન કે.ચૌધરી-ધો-૧૧એ, મનોરંજન મંત્રી હિમાંશુ જી. ચૌધરી-ધો-૧૨ વિજ્ઞાન, ક્રિષ્ણા બી. ત્રિવેદી ધો-૯-એ, સફાઈ મંત્રી મેશ્વા એ. પ્રજાપતિ ધો-૧૧-બી, પ્રવાસમંત્રી રક્ષિતા બી. પારેખ ધો-૯-બી ચુંટાયા હતા.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા યજ્ઞનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૩

મંત્ર, જપ, તપ, ઉપવાસ, દાન, ધ્યાન, પૂજા તથા હવન દ્વારા નારાયણ ભગવાનની આરાધના કરવાનો ખાસ મહિનો એટલે પુરૂષોત્તમ મહિનો. પુરાણોમાં કહ્યું છે કે પુરૂષોત્તમ મહિનામાં પૂજાપાઠ તથા સત્કાર્યો કરવાથી દુઃખનો નાશ થઈ પુનર્જન્મના બંધનોમાંથી મુકિત મળે છે. નવગ્રહનાં દોષ નિવારણ માટે આ મહિનામાં પૂજા પાઠ કરવાથી ફળ વધુ ઝડપથી મળે છે.

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા બેંગ્લોરથી પધારનાર સ્વામીજીના નેતૃત્વ સાથે પંડિતગણ દ્વારા સામુહિક શ્રી નારાયણ પુજા તથા વિષ્ણુ સહસ્ત્રનામ સાથે યજ્ઞનું આયોજન ૧૧ જુલાઈ ૨૦૧૫ના રોજ શનિવારે સાંજે ૫.૩૦ વાગે જીઈબી કોલોનીના રીક્રિએશન હોલ, ગાંધીનગર ખાતે કરેલ છે. જેમાં ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી સહભાગી અને લાભાન્વિત થવા આર્ટ ઓફ લીવીંગ પરિવાર ગાંધીનગર દ્વારા ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

# ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં દવાઓના બેરોકટોક વિતરણ અંગે કલેકટરને આવેદનપત્ર અપાયું

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં આજે ફાર્માસિસ્ટ એસોસિએશન ગુજરાતનો સ્થાપના દિન ઉજવાયો હતો જે અંતર્ગત એસોસિએશનના ફાર્માસિસ્ટ સભ્યોએ નગરની જાહેર દિવાલો પર જનજાગૃતિ અંગેના પોસ્ટર્સ લગાડ્યા હતા. આ ઉપરાંત એસોસિએશન દ્વારા ગાંધીનગરમાં ૭૫ ટકા મેડિકલ સ્ટોર્સમાં ફાર્માસિસ્ટની હાજરી વગર જ શિડ્યુલ એચ અને એક્સ તેમજ નશીલી દવાઓ, ગર્ભપાતની દવાઓ વગેરેનું બેરોકટોકપણે વેચાણ થઈ રહ્યું છે તે બાબતે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું નથી.

છેલ્લા એક વર્ષથી ગુજરાતમાં ફાર્માસિસ્ટ એસોસિએશન દ્વારા એસપીસીના નિયમોનું પાલન કરાય તે અંગે મુહિમ ચલાવવામાં આવી રહી છે. ફાર્માસિસ્ટની હાજરી વગર મેડિકલ સ્ટોર્સ પરથી દવાઓના બેફામપણે થઈ રહેલા વિતરણને




કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસરો પડી રહી છે તે અંગે જાગૃતિ આણવાનું કાર્ય ફાર્માસિસ્ટ એસોસિએશન કરી રહ્યું છે. આજે એસોસિએશન ગાંધીનગર એકમ દ્વારા જીપીએની સ્થાપનાને એક વર્ષ પૂર્ણ થયુ તેની ઉજવણી હાથ ધરાઈ હતી તે અંતર્ગત પોસ્ટર્સ દ્વારા જનજાગૃતિ તેમજ સ્ટીંગ ઓપરેશન દ્વારા મેડિકલ સ્ટોર્સ પર ફાર્માસિસ્ટની ગેરહાજરીને પ્રમાણિત કરી કલેકટરને તે બાબતે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ફાર્માસિસ્ટ એસોસિએશન દ્વારા આવનારા દિવસોમાં વધુ કાર્યક્રમો યોજી એસપીસીના નિયમોનું પાલન થાય તેમજ દરેક મેડિકલ સ્ટોર્સ પર ફાર્માસિસ્ટની નિમણુંક કરાય તે માટે સઘન કાર્યક્રમો હાથ ધરાશે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૩૧

### તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૪ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૪૪ ટકા

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૨ :**
ગુડ્ડુ રંગીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૨.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
ટર્મીનેટર જેનીસીસ (અંગ્રેજી) (૩ડી) : ૧૨.૦૦, ૫.૦૦

**સ્ક્રીન-૪ :**
ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫
સેકન્ડ હેન્ડ હસબન્ડ : ૨.૪૫, ૧૦.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૪.૪૫ ● પપાનસમ (તમીલ) : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ગુડ્ડુ રંગીલા : ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

### ચિરવિદાય

- સ્વ. વ્યાસ વાસુદેવ કચરાભાઈ (ઉ.વ.૭૫) ૧૪/૫૬, વ્યાસ વાડો, રાંધેજા, તા. જી. ગાંધીનગર
- સ્વ. ગજ્જર હસમુખભાઈ હિંમતલાલ (ઉ.વ.૪૫) પ્લોટ નં. ૮૭૩/૨, સે-૫સી, ગાંધીનગર
- સ્વ. ચંદર લક્ષ્મણદાસ ચંદનાની (ઉ.વ.૫૮) બ્લોક નં. ૩/૪, સે-૨૧, ગાંધીનગર